# 9 માધવને દીઠો છે ક્યાંય ?



હરીન્દ્ર દવે

(જન્મ: 19-9-1930, અવસાન: 29-3-1995)

હરીન્દ્ર જયંતીલાલ દવેનું વતન ખંભરા (કચ્છ) છે. તેઓ વ્યવસાયે પત્રકાર હતા. કવિતા, નવલકથા, નાટક, વિવેચન, નિબંધ જેવાં વિવિધ ક્ષેત્રો તેમણે ખેડ્યાં હતાં. 'આસવ', 'મૌન', 'સૂર્યોપનિષદ', 'હયાતી' તેમના કાવ્યસંગ્રહો છે. તેઓ મુખ્યત્વે કવિ છે. તેમનાં ગીતોનું માધુર્ય ધ્યાન ખેંચે છે. 'અગનપંખી', 'પળનાં પ્રતિબિંબ', 'માધવ ક્યાંય નથી', 'મુખવટો', 'અનાગત', 'ગાંધીની કાવડ' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના ઍવૉર્ડ એનાયત થયા હતા.

ગુજરાતીમાં લખાયેલાં કૃષ્ણવિરહનાં કાવ્યોમાં આ કાવ્ય અનેક રીતે નોખું પડે છે. વાંસળી એ તો કૃષ્ણ સાથે અવિનાભાવી રીતે જોડાયેલી છે, પણ અહીં તો વાંસળી પોતે કૃષ્ણથી વિખૂટી પડેલી છે. વાંસળીનો સૂર કૃષ્ણને શોધતો હોય છે. એ શોધ સાથે જોડાય છે બાળકૃષ્ણના જીવનનાં પ્રતીકો, કદંબ, યમુના, રાધા, મોરપિચ્છ. આ બધાંનો કાવ્યાત્મક વિનિયોગ કવિએ કર્યો છે. યમુનાનાં વહેણ સાથે રાધાની આંખની ઉદાસી, ચાંદની સાથે રાતરાણી, મોરપિચ્છ સાથે સુંવાળા રંગ, આકાશ સાથે ચંદ્રનું સાયુજ્ય રચીને કૃષ્ણનો વિરહ કવિએ તીવ્ર બનાવ્યો છે. કૃષ્ણથી વિખૂટા પડવાથી શરૂ થતા ગીતના અંતે જળનું તેજ જોઈને પરખાય છે કે ચોક્કસ અંદર કૃષ્ણ હશે ત્યાં કાવ્ય વિરમે છે. ભાવની સાથે લયનું ખેંચાણ પણ આ ગીતનું સબળ પાસું છે.

---

વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
ઢૂંઢે કદંબની છાંય,
મારગની ધૂળને ઢંઢોળી પૂછે,
મારા માધવને દીઠો છે ક્યાંય ?
યમુનાનાં વ્હેણ તમે મૂંગાં છો કેમ ?
અને રાધાની આંખ કાં ઉદાસ ?
વહી જતી આ લે'રખી વ્યાકુળ કરે છે અહીં
સરતી આ સાંજનો ઉજાસ.
બ્હાવરી વિભાવરીનાં પગલાંની લાગણીથી,
રાતરાણી ઝાકળથી ન્હાય... મારા...
ઊડતું આવે જો અહીં મોરપિચ્છ તો તો અમે,
સાચવશું સુંવાળા રંગ;
મારી તે મોરલીના આભમાં ઊગે છે એક,
શ્યામના તે નામનો મયંક
જળમાં તે તેજ એનું એવું રેલાય હવે,
પાતાળે હરિવર પરખાય... મારા...

('વરસાદની મોસમ છે' માંથી)

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**વિખૂટું**-અલગ, જુદું પડેલું; **સૂર**-સ્વર; **કદંબ**-એક વૃક્ષ (જેના પર બેસી શ્રીકૃષ્ણ વાંસળી વગાડતા હતા.); **લે'રખી**-પવનની લહેર; **વિભાવરી**-રાત્રી, નિશા; **ઉજાસ**-અજવાળું; **પરખાય**-ઓળખાય; **માધવ**-કૃષ્ણ, શ્યામ; **મયંક**-ચંદ્ર

### તળપદા શબ્દો

**મારગ**-માર્ગ, રસ્તો

### વિરુદ્ધાર્થી શબ્દો

**સાંજ** × સવાર; **ઉજાસ** × અંધકાર

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) રાધાની આંખમાં ઉદાસી હોવાનું કારણ...

(A) કદંબની ડાળ (B) કૃષ્ણમિલન

(C) યમુનાનું વહેણ (D) કૃષ્ણ માટેનો વિરહ

(2) કવિ કોના ઊડતા આવવાની ઇચ્છા વ્યક્ત કરે છે ?

(A) મોરપિચ્છ (B) પક્ષીઓ

(C) સ્વર્ગનું વિમાન (D) મારગની ધૂળ

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) મારગની ધૂળને કવિ શું પૂછે છે ?

(2) પાતાળમાં કોણ પરખાય છે ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) રાતરાણી ઝાકળથી નહાય છે કારણ કે...

(2) જળમાં કોનું તેજ રેલાઈ રહ્યું છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) માધવને મેળવવા માટેની સૂરની તીવ્ર ઉત્કંઠા તમારા શબ્દોમાં લખો.

(2) કાવ્યપંક્તિ સમજાવોઃ

વાંસળીથી વિખૂટો થઈને આ સૂર એક
ઢૂંઢે કદંબની છાંય,
મારગની ધૂળને ઢંઢોળી પૂછે,
મારા માધવને દીઠો છે ક્યાંય ?

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- હરીન્દ્ર દવેનાં કૃષ્ણપ્રેમનાં કાવ્યોનું વર્ગમાં ગાન કરો.
- આ કાવ્યને કંઠસ્થ કરી સમૂહમાં ગાન કરો.
- આ કાવ્યને અભિનયગીત તરીકે તૈયાર કરી રજૂ કરો.
- 'માધવ ક્યાંય નથી મધુવન'માં કાવ્ય મેળવીને વર્ગમાં ગાઈ સંભળાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- આ ગીતમાં કવિએ શબ્દ સાથે અર્થચમત્કૃતિથી આપણને સુખદ આશ્ચર્યમાં મૂકી દીધા છે. કવિની મનભર કલ્પનાઓ આસ્વાદ્ય છે.
  - વાંસળીનો સૂર ધૂળને ઢંઢોળીને પૂછે છે.
  - વિભાવરી બ્હાવરી છે.
  - રાતરાણી ઝાકળથી નહાય છે.
  - મોરલીના આભમાં શ્યામ નામનો મયંક ઊગે છે.
- અહીં છાંય-ક્યાંય, ઉદાસ-ઉજાસ, રંગ-મયંકના પ્રાસ ગીતને લયનો હિલ્લોલ આપી કાવ્યને જાણે અનેરી ગતિ આપે છે.
- સૂર, વાંસળી, કદંબ, યમુનાનું વહેણ, રાધાની ઉદાસ આંખ', મોરપિચ્છનો માધવને પામવાનો અલગ અલગ પ્રયાસ આખરે અભિન્ન બની જાય છે. 'પાતાળે હરિવર પરખાય' એમાં જાણે સૌ માધવને પ્રાપ્ત કરે છે એ કવિની ચમત્કૃતિ પારખો.

## શિક્ષકની ભૂમિકા

કૃષ્ણ હવે વૃંદાવનમાં નથી. વાંસળીથી સૂર વિખૂટો પડી ગયો છે. મારગની ધૂળ, યમુનાનાં વહેણ અને રાધાની આંખ બધું જ શોકમગ્ન છે. વિરહની વેદનાને ઘૂંટી ઘૂંટીને ગહન બનાવવા માટે કવિએ શબ્દો દ્વારા કેવું કવિકર્મ નિભાવ્યું છે તેની કાવ્યપંક્તિઓ અને કાવ્યનાં શબ્દચિત્રો દ્વારા વિદ્યાર્થીઓને સમજ આપવી.

કૃષ્ણને તો સૌ વહાલ કરે, પાસે રાખવા ઇચ્છે, પરંતુ કૃષ્ણના મોરપિચ્છને પણ કેટલા વહાલથી સાચવવાનું વ્યક્ત કર્યું છે, એ રીતે ભાવને કેમ પ્રગટ કરી શકાય અને ભાષાની શક્તિનો કવિ કેમ ઉપયોગ કરે છે તે સ્પષ્ટ કરવું.

આ જ કવિનું 'માધવ ક્યાંય નથી મધુવનમાં' અને માધવ રામાનુજનું 'ગોકુળમાં આવો તો' કાવ્યોના ભાવો સાથે આ કાવ્યના ભાવોનું સામ્ય-વૈષમ્ય વિદ્યાર્થીઓ સાથે ચર્ચવું.

•